# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

- કડાણા ડેમમાંથી બે લાખ 35 હજાર કરતાં વધુ ક્યૂસેક પાણી છોડાતાં 129 ગામોને એલર્ટ કરાયા.
- અમરેલી સહિતના વિસ્તારોમાં ગત મોડીરાતે ધોધમાર વરસાદ. - રાજ્યમાં આજે પણ મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી.
- શંકાસ્પદ તાવથી અસરગ્રસ્ત કચ્છના અબડાસા અને લખપત તાલુકાના ગામોની આરોગ્ય મંત્રી મુલાકાત લેશે. -અટકાયતી પગલાંની સમીક્ષા કરશે.
- મહાનગરપાલિકા વિસ્તારના ધારાસભ્યોને રોડરસ્તાના કામો માટે બે-બે કરોડ રૂપિયાની ફાળવણી થશે.
- વિજયવાડામાં યોજાયેલી એશિયન ટેકવાન્ડો સ્પર્ધામાં રાજ્યના ખેલાડીઓએ 3 સુવર્ણ સહિત છ ચંદ્રક જીત્યા.

---

## KADANA DAM

ગુજરાતમાં ત્રીજા નબરનું સ્થાન ધરાવતા અને મહીસાગર જીલ્લા સહિત વિવિધ 8 જિલ્લા માટે જીવાદોરી સમાન કડાણા ડેમમાંથી મહી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે.

કડાણા ડેમના 19 ગેટ ખોલી 2 લાખ 35 હજાર 858 ક્યુસેક પાણી મહી નદીમા છોડવામાં આવતા મહી નદી બે કાંઠે થઇ છે. ડેમના 15 ગેટ 7 ફૂટ અને 4 ગેટ 5 ફૂટ ખોલી મહી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. ડેમના ઉપરવાસમાંથી 2 લાખ 10 હજાર 280 ક્યુસેક પાણીની આવક થઇ રહી છે.

ઉપરવાસમાંથી પાણીની આવક થતાં ડેમનું રૂલ લેવલ જાળવવા મહી નદી માં પાણી છોડવામાં આવી રહ્યું છે. મહી નદીમાં પાણી છોડવામાં આવતા નીચાણ વાળા 129 ગામને એલર્ટ કરવામાં આવ્યા છે.

-----------------------------------------------------------------

# RAIN Overall

અમરેલીમાં ગઇકાલે રાત્રે કેટલાંક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેમાં ખાંભામાં સતત ત્રીજા દિવસે પણ અનરાધાર વરસાદ વરસ્યો હતો. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. જેમાં ખાંભા ગીરના ભાણિયા ગામે ધોધમાર વરસાદથી સ્થાનિક નદીમાં પૂર આવ્યું હતું. જ્યારે ભારે વરસાદના પગલે નદી નાળાઓ છલકાઇ ગયાં હતાં.

ખાંભા ગીરના ગીદરડી, ભાણિયા, ધાવડીયા સહિત ગામોમાં ધોધમાર વરસાદે પાણી પાણી કરી દીધા હતા. જોકે ગીરના ગામડાઓમાં ભારે વરસાદ પડવાથી ખેતીના મગફળી કપાસના પાકને ફાયદો. થશે. ખાંભા, લાઠી, વડીયા અને અમરેલી શહેરમા પણ રાત્રિના સમયે વરસાદી માહોલ સર્જાયો હતો.

જ્યારે રાજ્યમાં ગઇકાલે સવારના છ વાગ્યાથી રાત્રીના આઠ વાગ્યા સુધીમાં 94 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સુરતના ઉમરપાડામાં સૌથી વધુ 10 ઇંચ વરસાદ વરસ્યો હતો. સત્તાવાર આંકડા મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં વર્ષ 2022 પછી મોસમનો સરેરાશ કુલ 123 ટકા વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે આજે પંચમહાલ, વડોદરા, દાહોદ અને છોટાઉદેપુરમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં ભારે વરસાદને કારણે નલીમખેતર ગામની ખાડીમાં પૂરની સ્થિતિ સર્જાતા 3 ગામ સંપર્કવિહોણા બન્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં હાલ કુલ સંગ્રહક્ષમતાના 89 ટકા પાણીનો સંગ્રહ નોંધાયો છે. હાલમાં રાજ્યના 119 બંધ 100 ટકા, 45 બંધ 70થી 100 ટકા અને 20 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાઈ ગયા છે. જ્યારે 143 બંધ હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને નવ બંધને ચેતવણી પર રખાયા છે.

---------------------------------------------------------------------

# PATAN NARMDA CANNAL

સરદાર નર્મદા મુખ્ય નહેર ખાતે કામગીરી ચાલુ હોવાથી રાધનપુર, સાંતલપુર તાલુકાઓના રહીશોને 10મી સપ્ટેમ્બરથી 12મી સપ્ટેમ્બર સુધી પીવાના પાણીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં મળશે નહીં. 13મી સપ્ટેમ્બરથી રાધનપુર, સાંતલપુર તાલુકાઓના રહીશોને પાણીનો પુરવઠો રાબેતા મુજબ પૂરો પાડવામાં આવશે તેમ પાટણ સ્થિત

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના નાયબ કાર્યપાલક ઇજનેરની અખબારયાદીમાં જણાવવામાં આવ્યુ છે. સરદાર નર્મદા મુખ્ય નહેર ખાતે કામગીરી થઇ રહી હોવાથી રાણકપુર એચ. આર. ખાતે પાણીનું લેવલ ઘટી જવાથી રાણકપુર ઇન્ટેકવેલ ખાતે આવતા પાણીના ઘટાડો થયો છે.

12મી સપ્ટેમ્બર દરમ્યાન આ ગામો શહેરને પીવાનો પાણીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં આપી શકાશે નહીં. તારીખ 13 સપ્ટેમ્બરથી પાણીનો પુરવઠો રાબેતા મુજબ પૂરો પાડવામાં આવશે.

---------------------------------------------------------------------

# LAKHPAT RUSHIKESH PATEL

કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસ નોંધાયા છે. આ શંકાસ્પદ તાવને લઈને જિલ્લા વહીવટીતંત્ર તેમજ આરોગ્ય વિભાગની તૈયારીઓની સમીક્ષા માટે કચ્છના ભુજ ખાતે આરોગ્ય મંત્રી અને પ્રભારી મંત્રી પહોંચ્યા હતા.

ભૂજ પહોંચેલા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ પાસેથી પ્રવર્તમાન સ્થિતિની પ્રાથમિક વિગતો મેળવી હતી. આરોગ્ય મંત્રી અને પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસ સામે આવતા જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા તત્કાલીન પગલાઓ વિશે જાણકારી મેળવી હતી.

આ ઉપરાંત, આરોગ્ય મંત્રીએ જિલ્લાની પ્રવર્તમાન સ્થિતિ વિશે ખ્યાલ મેળવીને વહીવટીતંત્રને રોગ અટકાયતી પગલાં લેવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આજે આરોગ્ય મંત્રી અસરગ્રસ્ત અબડાસા અને લખપતના ગામોની મુલાકાત લેશે.

-----------------------------------------------------------------------

# MLA GRANT FOR ROAD REPAIRING

રાજ્યમાં મહાનગરપાલિકા વિસ્તારના ધારાસભ્યોને સભ્યદીઠ 2 કરોડ રૂપિયાનું વધારાનું અનુદાન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. તે મુજબ માર્ગ-મકાન વિભાગ દ્વારા 43 ધારાસભ્યોને 86 કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. તેઓ આ અનુદાનમાંથી રોડ-રસ્તાના કામ કરાવી શકશે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને પોતાના મતવિસ્તારમાં આવેલા નવા માર્ગ, જૂના રસ્તાઓના સમારકામ જે વિસ્તારમાં ડામર કે

કોન્ક્રિટના માર્ગ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવરબ્લોકની કામગીરી કરવા શહેરી વિકાસ વિભાગ દ્વારા અનુદાન ફાળવવામાં આવે છે.

------------------------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..**

------------------------------------------------------------------

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે તેમનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં સૂચનો રજૂ કરી શકાશે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ 29 સપ્ટેમ્બરે સવારે 11 વાગે આકાશવાણી અને દૂરદર્શનનાં તમામ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

આ ઉપરાંત એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પર પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------

# Asarva Poshan Kendra Mulakat

ભારત સરકાર દ્વારા પાઇલોટ પ્રોજેક્ટ અંતર્ગત દેશવ્યાપી 60 સસ્તા અનાજની દુકાનોને જનપોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે, અમદાવાદની પંદર ક્ષેત્રિય કચેરીઓના વિસ્તારમાં પણ આવી સસ્તા અનાજની દુકાનો જનપોષણ કેન્દ્ર તરીકે કાર્યરત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વ્યવસ્થા વિભાગના સંયુક્ત સચિવ રવિશંકરે ગઈકાલે અસારવા જન પોષણ કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, રેશન અને કંટ્રોલ જેવા શબ્દોમાંથી મુક્ત થઈને હવે પોષણ જેવા શબ્દોનો પ્રયોગ થાય તેરીતે ભારત સરકાર દ્વારા રેશન સાથે પોષણ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

આ સાથે જ તેમણે જન પોષણ કેન્દ્રમાં નવી ટેકનોલોજીના પ્રયોગો અને વિકાસ પર પણ ભાર મૂક્યો હતો. પોષણ કેન્દ્રના વિતરકો ફક્ત અનાજ જ નહિ પરંતુ તેની સાથે અન્ય વસ્તુઓનું પણ વેચાણ કરી શકશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------

# GCCI MEET

ગુજરાત વેપારી મહામંડળ દ્વારા રીસ્ક -રિવોર્ડ બેલેન્સ ઈન ઇનોવેશન વિષય પર એક સત્રનું આયોજન થયું હતું.

આ પ્રસંગે યુએસ સાયન્ટિસ્ટ અને એડિસન પેટન્ટ પુરસ્કાર વિજેતા મુખ્ય વક્તા તરીકે ડૉ. જી.એન. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડો.જી.એન. પટેલે ઈનવેંશન અને ઇનોવેશનના નિર્ણાયક મહત્વ પર ભાર મૂકતા, ઇનોવેશન અને સંશોધન પર રસપ્રદ વક્તવ્ય આપ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ઇનોવેશન માટે ઉર્જા, સમય અને નાણાકીય રોકાણ સહિતના નોંધપાત્ર સંસાધનોની જરૂર છે અને કંપનીઓએ સફળતા અને નફાકારકતા હાંસલ કરવા માટે ઇનોવેશનનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપતા વિવિધ ઉદાહરણો શેર કર્યા હતા.

------------------------------------------------------------------------

# Asian Taekwondo Tournament

એશિયન ટેકવાન્ડો સ્પર્ધાનું આંધ્રપ્રદેશના વિજયવાડામાં આયોજન કરાયું હતું. જેમાં એશિયાના વિવિધ દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાત ખેલાડીઓએ ૩ સુવર્ણ સહિત છ ચંદ્રક જીત્યા હતા.

જેમાં વિષ્ણુ સોલંકી, કૌશલ ચક્રવર્તી, સમર્થ ભીલે સુવર્ણ ચંદ્રક, ધર્મિષ્ઠા સોલંકી અને યશ મેદરિયાએ રજત ચંદ્રક તથા જીલ સોલંકીએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

------------------------------------------------------------------------

# Radhanpur Chess Competition

સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડીયા અંતર્ગત પાટણ જિલ્લા રમત ગમત કચેરી દ્વારા જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધાનું રાધનપુરની નાલંદા વિદ્યાલયમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેસ સ્પર્ધામાં અંડર ૧૪, ૧૭ અને ૧૯ વયજૂથનાં અંદાજે ૧૧૦ ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં અંદાજે ૩૦ વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ વિજેતા બન્યા હતા. અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, નાલંદા વિદ્યાલયના હર્ષિલ પંચાલ, ચાર્મી પટેલ અને તનિષા પટેલ વિજેતા બની રાજ્ય કક્ષાએ પાટણ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

---------------------------------------------------------------------

# Dahod-Vishwashanthi Padayatri of UP

ઉત્તર પ્રદેશની વિશ્વશાંતિ પદયાત્રી ટીમે દાહોદ જિલ્લાથી ગુજરાત રાજ્યની પદયાત્રાનો શુભારંભ કર્યો છે. આ પદયાત્રા દરેક જિલ્લાઓમાં પરિભ્રમણ કરી પર્યાવરણ સુરક્ષા, બેટી બચાવો, પ્રદુષણ નિયંત્રણ, સડક સુરક્ષા જેવા અનેક ઉદ્દેશ્ય સાથે ગુજરાત ભ્રમણ કરશે.

અમારા દાહોદના પ્રતિનિધિ પ્રેમ કડીયા જણાવે છે કે, આ પદયાત્રી ટીમ ૨ દિવસ સુધી દાહોદ રોકાઇ હતી જેમાં તેમણે આર.ટી.ઓ. ટીમ સાથે સંકલન સાધીને દાહોદના રસ્તાઓ પર વાહન ચાલકોને સડક સુરક્ષા અંગેની જાણકારી અને વિવિધ શાળાઓમા જઇને પ્રદુષણ નિયંત્રણ માટેના ઉપાયો, બેટી બચાવો – બેટી પઢાવોની સમજ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ પદયાત્રાની શરૂઆત ૩૦મી જુલાઇ, ૧૯૮૦ દરમ્યાન ઉત્તર પ્રદેશથી અવધ બિહારીલાલ દ્વારા કરવામા આવી હતી.

---------------------------------------------------------------------